રાજ્યની તમામ શાળાઓના શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્ત રજા/અર્ધપગારી રજાનું નિવૃતિ સમયે રોકડમાં રૂપાંતર કરવા દેવા બાબત..

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક/એલવીઈ-૧૦૯૮-૧૦૨૪-પ
સચિવાલય ગાંધીનગર.
તા.૧૬-૭-૧૯૯૯

વંચાણમાં લીધા::-

૧: નાણા વિભાગના તા.૨૬-૩-૯૧ના ઠરાવ ક્રં.એલવીઈ-૧૦૯૦-(ડી૩૦)પ.
૨: નાણા વિભાગના તા.૧૯-૨-૯૮ના ઠ.ક્ર. પીજીઆર.૧૦૯૮-૨૦-એમ.

-:: ઠ રા વ ::

આમુખના ક્રમાંક-૧ થી દર્શાવેલ નાણા વિભાગના ઠરાવોથી રાજ્યની સરકારી/બીન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યોના ખાતે જમા પ્રાપ્ત રજા તથા અર્ધ પગારી રજાઓનું તેમની નિવૃતિ સમયે બન્ને મળીને કુલ ૨૪૦ દિવસનું રોકડમાં રૂપાંતર કરવા દેવા માટેની જોગવાઈ કરવામાં આવી છે તેમાં અંશતઃ સુધારો કરીને આ પ્રાપ્ત રજા તથા જમા રહેલી અર્ધ પગારી રજાના અડધા ભાગની રજા એમ બન્ને મળી કુલ-૩૦૦ (ત્રણસો દિવસ પુરા) દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવા દેવાનું આથી ઠરાવવામાં આવેલ છે.

૨/- આ ઠરાવનો લાભ આમુખમાં ક્રમાંક-૧ માં દર્શાવેલ કિસ્સાઓમાં મળી શકશે તથા ક્રમાંક-૧ અને ક્રમાંક-૨ આગળ દર્શાવેલ ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત લાગુ પડશે.

૩/- આ ઠરાવનો અમલ તારીખ. ૧ જુલાઈ-૧૯૯૭ થી કરવાનું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી એલ.એમ.ઓઝા,
ઉપસચિવ,
નાણા વિભાગ,